| | |
|---|---|
| રજુ તારીખ | ૦૭–૧૧–૨૦૧૯ |
| દાખલ તારીખ | ૦૭–૧૧–૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૦૫–૦૫–૨૦૨૨ |
| સમયગાળો | |

**નડીઆદના મહે.સાતમા એડીશ્નલ સીનીયર સીવીલ જજશ્રી સાહેબની કોર્ટમાં,**
**મુ.નડીઆદ.**

**સ્પે.દિ.મુ.નંબર: ૮૨/૨૦૧૯**
**આંક:**

**ઉ. વ. ધંધો**

**વાદી :–** (૧) રોહીણીબેન પ્રવીણભાઈ ત્રિવેદી તે પુખ્ત નિવૃત
નરહરીભાઈ મગનલાલ ની દિકરી
રહે : ૪, શ્રીરામ એપાર્ટમેન્ટ સુર્યા કોમ્પલેક્ષ પાછળ
ડ્રાઈવીન રોડ ગુરૂકુલ અમદાવાદ – ૫૨ ,

(૨) પ્રતિભાબેન જયંતભાઈ દેસાઈ તે પુખ્ત નિવૃત
નરહરીભાઈ મગનલાલ નીદિકરી૭૭/૨ એચ કોલોની
પોલીટેકનીક આંબાવાડી અમદાવાદ –૧૫,

(૩) જનકબેન અજીતકુમાર પંડયા તે પુખ્ત નિવૃત
નરહરીભાઈ મગનલાલ ની દિકરી
રહે : જયંત નરહરીભાઈ અધ્વર્યુ કપડવંજ રોડ
ગરનાળા પાસે,જોષીકોલોની સામે,મું.ડાકોર,જી.ખેડા.

***વિરૂધ્ધ.***

**પ્રતિવાદી :–** (૧) મનોજભાઈ નરહરીભાઈ અધ્વર્યુ પુખ્ત વેપાર/ વકીલાત
(૨) જયંતભાઈ નરહરીભાઈ અધ્વર્યુ '' વેપાર
(૩) ત્રિલોકભાઈ નરહરીભાઈ અધ્વર્યુ '' ''

પ્રા.વાદી નં. ૧ થી ૩ રહેવાસી : કપડવંજ રોડ,ગરનાળા

પાસે,જોષી કોલોની સામે, મું. ડાકોર તા. ઠાસરા જી. ખેડા

(૪) જ્યોતિબેન નરહરીભાઈ અધ્વર્યુ

સી/ઓ જયંત નરહરીભાઈ અધ્વર્યુ

કપડવંજ રોડ, ગરનાળા પાસે,

જોષી કોલોની સામે, મું. ડાકોર તા. ઠાસરા જી. ખેડા.

---

**વાદી તરફે : વિ.વ.શ્રી ડી.બી.ભટ્ટ**
**પ્રતિવાદી નં.૧ : જાતે**
**પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે : એકતરફી**

---

**દાવો:- વડીલોપાર્જીત મિલકતની વહેંચણી કરવા બાબત તથા મનાઈહુકમ મેળવવા બાબત....**

**ચુકાદો**

(૧) આ કામના વાદીની દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓના મુળ વડીલ પિતા જયંત નરહરીભાઈ મગનભાઈ ના સીધી લીટીના વારસદારો છે. આ કામે દાવાવાળી મિલકત મોજે ગામ : ડાકોર તા. ઠાસરા જી. ખેડામાં આવેલ ખેતી લાયક જમીન ની વિગત નીચે મુબજની આવેલ છે.

| | બ્લોક/સર્વે નંબર | ખાતા નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|---|
| (૧) | ૧૨૮/૧ | ૨૮૬ | ૦-૧૩-૧૫ |
| (૨) | ૧૨૮/૨ | ૨૮૬ | ૦-૦૩-૦૪ |
| (૩) | ૧૨૮/૩ | ૨૮૬ | ૦-૪૩-૫૦ |
| (૪) | ૧૪૨ | ૨૮૬ | ૦-૪૬-૫૪ |
| (૫) | ૧૪૩ | ૨૮૬ | ૦-૭૧-૮૩ |
| (૬) | ૧૪૫/અ | ૨૮૬ | ૦-૩૯-૪૬ |

| | | | |
|---|---|---|---|
| (૭) | ૧૪૫/બ | ૨૮૬ | ૦–૨૦–૨૩ |
| (૮) | ૧૪૬ | ૨૮૬ | ૧–૨૦–૪૦ |
| (૯) | ૧૪૭ | ૨૮૬ | ૦–૨૭–૩૨ |
| (૧૦) | ૭૭૪/૩ | ૨૮૬ | ૦–૪૪–૫૨ |
| (૧૧) | ૧૨૬૮/૧ | ૨૮૬ | ૦–૬૫–૭૬ |
| (૧૨) | ૧૨૬૮/૨ | ૨૮૬ | ૦–૨૬–૩૦ |
| (૧૩) | ૧૨૬૮/૩ | ૨૮૬ | ૦–૧૮–૨૧ |
| (૧૪) | ૧૨૬૮/૪ | ૨૮૬ | ૦–૧૮–૨૧ |
| (૧૫) | ૧૨૯૧/૧ | ૨૮૬ | ૦–૦૫–૦૬ |
| (૧૬) | ૧૨૯૧/૨ | ૨૮૬ | ૦–૩૮–૪૫ |
| (૧૭) | ૧૨૯૧/૩ | ૨૮૬ | ૦–૨૦–૨૩ |
| (૧૮) | ૧૨૯૧/૪ | ૨૮૬ | ૦–૨૫–૨૯ |
| (૧૯) | ૭૭૩ | ૨૮૭ | ૦–૨૪–૨૮ |
| (૨૦) | ૭૭૨ | ૨૮૭ | ૦–૨૭–૩૨ |

તેમજ ડાકોર માં આવેલ રહેણાંક મકાનો આવેલ છે. જેનો નંબર : ૧૮૫ જેનો સી.ટી.સર્વે નંબર : ૨૯૪ તથા ૫૧૬૭ જેનો સી.ટી.સર્વે નંબર : ૪૨૩૫ છે. તથા તે સીવાય મકાનોના નંબર : ૩૭૧૫,૩૭૧૩,૩૭૧૪,૩૭૧૨ વાળી મીલકતો આવેલ છે. તેમજ વડીલો નું રાજબેન્ક જે ડાકોર મુકામે આવેલ છે. તેમાં લોકર આવેલ છે. અને તેમાં સોના ચાંદીના વાસણો તથા ઘરેણા તથા ફોરેન કરેન્સીનો શેટ આવેલ છે તથા અન્ય જે વડીલો પાર્જીત મીલકત આવેલ છે.

(૨) સદર ૧ થી ૨૦ વાળી જણાવ્યા મુજબની હકીકતો અંગેની મીલકતને દાવાવાળી મિલકત તરીકે હવે પછી ઉલ્લેખ કરવામા આવેલ છે.

આ કામના વાદી તરફથી સદર મીલકતો સંબંધે અરસ–નરસ વહેંચણી કરી પોત –પોતાના નામ દાખલ થયેલ છે. તે જુદા કરવા સંબંધેની હકીકત જણાવતા આ કામના પ્રતિવાદી નં. ૧ ના ઓ સંમત ના હોવાથી હાલનો દાવો દાખલ કરી દાવા અરજીમાં પેરા નં. ૭ માં જણાવ્યા મુજબ અરસ–નરસ વહેંચણી કરવાની દાદ માંગણી કરેલ છે.

(૩) આ કામના વાદી તરફથી સદર દાવો દાખલ કરતા આ કામના પ્રતિવાદીઓને સદર દાવાની હકીકત મુજબની બજવણી કરતા આ કામના પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં. ૧ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. પરંતુ વાદી ની દાવા અરજી નો કોઈ લેખીત જવાબ રજુ કરેલ નથી. જયારે પ્ર તિવાદી નં. ૨ થી ૪ ના ઓને નોટીસ ની બજવણી થઈ ગયેલ હોવા છતાં જાતે કે વકીલ મારફતે હાજર થયેલ નથી જેથી તેઓની સામે એક તરફી કામ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) જયારે આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૪ ના ઓ તરફથી કોઈ જવાબ રજુ કરવામા આવેલ નથી.અને પ્રતિવાદી નં. ૨ થી ૪ તરફે. એકસ પાર્ટી કામ ચલાવવામા આવેલ છે.

(૫) આ કામના વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

| **મૌખિક પુરાવો:** | |
|---|---|
| વાદી નં.૧ રોહીણીબેન પ્રવીણભાઈ ત્રિવેદીની જુબાની. | આંક – ૨૪ |

| **દસ્તાવેજી પુરાવા :** | | |
|---|---|---|
| **અનુ.** | **વિગત** | **આંક** |
| ૧ | રે.સર્વે નં. ૧૨૮/૧ ની ૭/૧૨ ની નકલ | ૪૦ |
| ૨ | રે.સર્વે નં. ૧૨૮/૨ ની ૭/૧૨ ની નકલ | ૪૧ |
| ૩ | રે.સર્વે નં. ૧૨૮/૩ ની ૭/૧૨ ની નકલ | ૪૨ |
| ૪ | રે.સર્વે નં. ૧૪૨ ની ૭/૧૨ ની નકલ | ૪૩ |
| ૫ | રે.સર્વે નં. ૧૪૩ ની ૭/૧૨ ની નકલ | ૪૪ |
| ૬ | રે.સર્વે નં. ૧૪૫ અ ની ૭/૧૨ ની નકલ | ૪૫ |
| ૭ | રે.સર્વે નં. ૧૪૫–બ ની ૭/૧૨ ની નકલ | ૪૬ |
| ૮ | રે.સર્વે નં. ૧૪૬ ની ૭/૧૨ ની નકલ | ૪૭ |
| ૯ | રે.સર્વે નં. ૧૪૭ ની ૭/૧૨ ની નકલ | ૪૮ |
| ૧૦ | રે.સર્વે નં.૭૭૪/૩ ની ૭/૧૨ ની નકલ | ૪૯ |
| ૧૧ | રે.સર્વે નં. ૧૨૬૮/૧ ની ૭/૧૨ ની નકલ | ૫૦ |
| ૧૨ | રે.સર્વે નં. ૧૨૬૮/૨ ની ૭/૧૨ ની નકલ | ૫૧ |
| ૧૩ | રે.સર્વે નં. ૧૨૬૮/૩ ની ૭/૧૨ ની નકલ | ૫૨ |

| | | |
|---|---|---|
| ૧૪ | રે.સર્વે નં. ૧૨૬૮/૪ ની ૭/૧૨ ની નકલ | ૫૩ |
| ૧૫ | રે.સર્વે નં. ૧૨૯૧/૧ ની ૭/૧૨ ની નકલ | ૫૪ |
| ૧૬ | રે.સર્વે નં. ૧૨૯૧/૨ ની ૭/૧૨ ની નકલ | ૫૫ |
| ૧૭ | રે.સર્વે નં. ૧૨૯૧/૩ ની ૭/૧૨ ની નકલ | ૫૬ |
| ૧૮ | રે.સર્વે નં. ૧૨૯૧/૪ ની ૭/૧૨ ની નકલ | ૫૭ |
| ૧૯ | રે.સર્વે નં.૭૭૩ ની ૭/૧૨ ની નકલ | ૫૮ |
| ૨૦ | રે.સર્વે નં.૭૭૨ ની ૭/૧૨ ની નકલ | ૫૯ |
| ૨૧ | મકાનની આકારણીની સહી સીકકાવાળી નકલ | ૬૦ |
| ૨૨ | સીટીસર્વે નં.૨૯૪ ની પ્રોપર્ટી કાર્ડની સહી સીકકાવાળી નકલ | ૬૧ |
| ૨૩ | સીટીસર્વે નં.૪૨૩૫ ની પ્રોપર્ટી કાર્ડની સહી સીકકાવાળી નકલ | ૬૨ |
| ૨૪ | વહેંચણીની નોંધ ના મંજુર થયેલ તે ફેરફાર નોંધ નં.૧૪૫૯૩ ની નકલ | ૬૩ |
| ૨૫ | વાદીઓએ પ્રતિવાદીને આપેલ નોટીસની ઓફીસ કોપી | ૬૪ |
| ૨૬ | પ્રતિવાદીઓને નોટીસ મળેલ છે તેના પોષ્ટનો ટેક રીપોર્ટની કોપી નંગ.૩ | ૬૫ |
| ૨૭ | પુરાવા બંધની પુરસીસ | ૬૭ |

(૫.૨) આ કામના પ્રતિવાદી નં.૧ તરફે તેઓના બચાવના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ રાખેલ છે.

| **મૌખિક પુરાવો:** | |
|---|---|
| પ્રતિવાદી નં.૧ મનોજકુમાર નરહરીભાઈ અધ્વર્યુની જુબાની. | આંક – ૨૯ |

| **દસ્તાવેજી પુરાવા :** | | |
|---|---|---|
| **અનુ.** | **વિગત** | **આંક** |
| ૧ | વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલ કૌટુંબીક વહેંચણી કરાર | ૩૧ |
| ૨ | મોજે.ગામ:ડાકોરના સર્વે નંબર ૭૭૨ ની ૭/૧૨ની સને.૧૯૫૦ –૫૧ થી ૧૯૬૯–૭૦ ની નકલ | ૩૨ |
| ૩ | મોજે.ગામ:ડાકોરના સર્વે નંબર ૭૭૩ ની ૭/૧૨ની સને.૧૯૫૦ –૫૧ થી ૧૯૬૯–૭૦ ની નકલ | ૩૩ |
| ૪ | મોજે.ગામ:ડાકોરના સર્વે નંબર ૭૭૪ ની ૭/૧૨ની સને.૧૯૫૦ –૫૧ થી ૧૯૬૯–૭૦ ની નકલ | ૩૪ |

| | | |
|---|---|---|
| ૫ | મોજે.ગામ:ડાકોરના સર્વે નંબર ૧૨૯૧ ની ૭/૧૨ની સને.૧૯૫૦ –૫૧ થી ૧૯૬૯–૭૦ ની નકલ | ૩૫ |
| ૬ | મોજે.ગામ:ડાકોરના સર્વે નંબર ૧૨૬૮ ની ૭/ ૧૨ ની નકલ | ૩૬ |
| ૭ | પુરાવા બંધની પુરસીસ | ૩૭ |

આ કામના પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓ સામે એકતરફી દાવો ચલાવવાનો હુકમ થયેલ છે.

(૬) આ કામના પક્ષકારો તરફથી ઉપરોકત હકીકતો આધારે દાવાના આખરી નિર્ણય માટે આંક – ૨૩ થી મુદ્દા ઘડવામા આવેલ છે તે નીચે મુજબ છે.

**મુદા**

1. Whether plaintiff Nos. 1 to 3 prove that they are and defendants are the member of Joint Hindu Family ?
2. Whether plaintiffs prove that the suit properties are the ownership of Joint Hindu Family ?
3. Whether plaintiffs prove that they have 1/7th share in suit property ?
4. Whether defendant No.1 proves that as per the family arrangement suit properties are already partitioned ?
5. Whether the defendants prove that the suit properties are bad for non-joinder of necessary parties ?
6. Whether the defendants prove that the plaintiffs have already relinquished their right/share in favour of the defendants ?
7. Whether plaintiffs prove that the suit properties are liable to be partitioned ?
8. What is the share of each party ?
9. Whether plaintiffs are entitled to get relief as prayed for ?
10. What order and decree ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણય**

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. નકારમાં

૫. નકારમાં

૬. નકારમાં

૭. હકારમાં

૮. હકારમાં

૯. અંશત:હકારમાં

૧૦. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૮) ઉપરોકત ઘડવામાં આવેલા મુદ્દાઓના કારણોની ચર્ચા આથી નીચે મુજબ કરવામાં આવે છે.

**(૮.૧) મુદ્દા નં.૦૧ ની ચર્ચા :**

આ કામના વાદી અને પ્રતિવાદી સગા ભાઈ બહેનો છે અને ગુજ.શ્રી.અધ્વર્યુ નરહરીભાઈ મગનલાલ કાયદેસરના વારસદારો છે અને હીંદુ સંયુકત કુટુંબના સભ્ય છે.જે હકીકતનો બંને પક્ષકારોએ સ્વીકાર કરેલ છે જેથી **મુદ્દા નં.૦૧** નો જવાબ '' **હકાર**'' માં આપવામાં આવે છે.

**(૮.૨) મુદ્દા નં.૦૨ અને ૦૩ ની સંયુકત ચર્ચા :**

આ કામના મુદ્દા નં.૨ અને ૩ એકબીજા સાથે સંકળાયેલ હોઈ પુનરાવર્તન ટાળવા એકસાથે ચર્ચા કરવામાં આવે છે.

આ કામના વાદીએ તેઓની દાવા અરજીના પેરા–૦૪ માં જણાવેલ છે કે, દાવાવાળી તમામ મિલ્કતો વણવહેંચાયેલી વડીલોપાર્જીત સંયુકત કુટુંબની મીલ્કત છે જેમાં વાદીઓ અને પ્રતિવાદીઓનો દરેકનો ૧/૭ હીસ્સો આવેલો છે. વાદીએ સદર હકીકત તેઓના આંક–૨૪ ના સોંગદ નામામાં પણ સોંગદ ઉપર જણાવેલ છે. પ્રતિવાદી નં.૧ ધ્વારા વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જે વંચાણે લેતાં દાવાવાળી મીલ્કત નો વાદીઓનો હીસ્સો નથી તેવો કોઈ ખંડનાત્મક પુરાવો પ્રતિવાદી તરફે રજુ રાખેલ નથી. વધુમાં પ્રતિવાદીએ આંક–૨૯ થી તેઓના સરતપાસના સોંગદનામાના પેરા–૦૧ માં તથા ઉલટતપાસમાં પ્રતિવાદીએ કબુલ રાખેલ

છે કે,દાવાવાળી મીલ્કતોમાં દરેકનો સંયુકત અને સરખો હીસ્સો છે.વધુમાંા નામ.સુપ્રીમ કોર્ટે ''**વિનીતાશર્મા વિરુધ્ધ રાકેશશર્મા તથા અન્ય–૨૦૨૦(૯)એસ.સી.સી.૧** ના ચુકાદામા હિન્દુ અવિભકત કુટુંબની વણવહેંચાયેલી મીલકતોના વિભાજનોમા સદર કયાદાની કલમ –૫ ના સુધારા મુજબ પુત્રીઓના હિસ્સા બાબતે ચુકાદાના પેરા– ૧૨૯ મા નીચે મુજબના સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે.

**129. Resultantly, we answer the reference as under:**

*(i) The provisions contained in substituted* ***Section 6 of the Hindu Succession Act, 1956 confer status of coparcener on the daughter born before or after amendment in the same manner as son with same rights and liabilities.***

*(ii) The rights can be claimed by the daughter born earlier with effect from 9.9.2005 with savings as provided in Section 6(1) as to the disposition or alienation, partition or testamentary disposition which had taken place before 20th day of December, 2004.*

*(iii) Since the right in coparcenary is by birth, it is not necessary that father coparcener should be living as on 9.9.2005.*

*(iv) The statutory fiction of partition created by proviso to Section 6 of the Hindu Succession Act, 1956 as originally enacted did not bring about the actual partition or disruption of coparcenary. The fiction was only for the purpose of ascertaining share of deceased coparcener when he was survived by a female heir, of Class-I as specified in the Schedule to the Act of 1956 or male relative of such female. The provisions of the substituted Section 6 are required to be given full effect. Notwithstanding that a preliminary decree has been passed the daughters are to be given share in coparcenary equal to that of a son in pending proceedings for final decree or in an appeal.*

*(v) In view of the rigor of provisions of Explanation to Section 6(5) of the Act of 1956, a plea of oral partition cannot be accepted as the statutory recognised mode of partition effected by a deed of partition duly registered under the provisions of the Registration Act, 1908 or effected by a decree of a*

*court. However, in exceptional cases where plea of oral partition is supported by public documents and partition is finally evinced in the same manner as if it had been affected by a decree of a court, it may be accepted. A plea of partition based on oral evidence alone cannot be accepted and to be rejected outrightly.*

ઉપરોકત ચુકાદો વંચાણે લેતા હીન્દુ સકશેશન એકટમા ૨૦૦૫ મા કલમ ૬ ની જોગવાઈમા સુધારો થયો તે સમયે પુત્રીના પીતા હયાત હતા કે કેમ તે જોવાનુ રહેતુ નથી. તેમજ વહેંચણી કરાર જો લેખીતમાં હોય અને તે મુજબ વહેંચણી કરારનો અમલ થયેલ હોય તો તે રજીસ્ટર્ડ હોવો જરૂરી છે.જે વંચાણે પ્રતિવાદીની દલીલ કે તેઓએ વાદી બહેનોને પરણાવેલ છે અને તેઓના લગન તમામ ખર્ચા ઉઠાવેલ છે તથા આંક–૩૧ ના વહેંચણી કરાર મુજબ અને સમંતી કરાર મુજબ વાદી બહેનોએ તેઓનો હકક મીલ્કતોમાંથી જતો કરેલ છે તે દલીલ ગ્રાહય રાખી શકાય નહીં. આમ,ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત અને આ કામે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતાં **મુદ્દા નં.૦૨** અને **૦૩** નો ''**હકાર**'' માં જવાબ આપવામાં આવે છે.

(૮.૩) **<u>મુદ્દા નં.૦૪ અને ૦૬ ની સંયુકત ચર્ચા :</u>**

પ્રતિવાદી એ તેઓના આંક–૨૯ ના સરતપાસના સોંગદનામામાં જણાવેલ છે કે, દાવાવાળી તમામ મિલ્કતોની વહેંચણી થઈ ગયેલ છે. જે સાબીત કરવા પ્રતિવાદીએ આંક –૩૧ થી વહેંચણી કરાર રજુ રાખેલ છે.જયારે વાદીએ તેઓની દાવા અરજી અને સરતપાસના સોંગદનામામાં જણાવેલ છે કે, દાવાવાળી મીલ્કતો તેઓના માતાપિતાની હયાતીમાં કોઈ વહેંચણી થયેલ નથી. સદર આંક–૩૧ થી રજુ વહેંચણી કરાર વંચાણે લેતાં તેમાં હાલના વાદીઓની સહી છે જે સહી દાવા અરજીમાં થયેલ વાદીઓની સહી સાથે કમ્પેર કરતા વાદીઓની વહેંચણી કરાર અને દાવા અરજીમાં અલગ અલગ સહી છે. જે ધ્યાને લેતાં વાદીની દલીલ કે તેઓએ વહેંચણી કરારમાં કોઈ સમંતી આપેલ નથી કે કોઈ સહી કરેલ નથી તે દલીલ સાથે અત્રેની અદાલત સહમત થાય છે. વધુમાં આંક–૩૧ વાળા વહેંચણી કરારમાં કોઈ તારીખ લખેલ નથી અને સાક્ષીઓની સહી પણ નથી.તેમજ પ્રતિવાદી નં.૧ સિવાય અન્ય કોઈ પ્રતિવાદીઓએ સોંગદ ઉપર પુરાવો આપેલ નથી.વધુમાં સદર તકરારી વહેંચણી કરાર જે સ્ટેમ્પ પેપર ઉપર લખાયેલ છે તે સ્ટેમ્પ સને.૨૦૦૬ માં ખરીદવામાં આવેલ છે અને તેના ઉપર નોટરી રૂબરૂનું લખાણ સને.૨૦૦૮ માં એટલે કે સ્ટેમ્પ ખરીદયાના બે વર્ષ બાદ લખાણ કરવામાં આવેલ

છે.જે નોટરી પબ્લીકનો સીકકો અને સહી ધ્યાને લેતાં જણાય છે.પ્રતિવાદી તરફે સદરહુ વહેંચણી કરાર પુરવાર કરવા તેઓના સાક્ષી તરીકે નોટરી પબ્લીકને તપાસવામાં આવેલ નથી. જે હકીકત સાથે વાદીનો મૌખિક પુરાવો વંચાણે લઈ ઈન્ડીયન એવીડન્સ એકટની કલમ−૯૧ અને ૯૨ ની જોગવાઈ ધ્યાને લેતાં વાદીના મૌખિક પુરાવાથી પ્રતિવાદી તરફે રજુ થયેલ તકરારી આંક−૩૧ નો વહેંચણી કરારનું ડયુ એકઝીકયુશન પુરવાર થયેલ ન હોય વહેંચણી કરાર કાયદેસરનો ન હોવાનું અત્રે ની અદાલતનું માનવુ છે.તે મુજબ પ્રતિવાદીની દલીલ મુજબ જો પક્ષકારો વચ્ચે તેઓની વડીલોપાર્જીત મીલ્કતોની ખરેખર વહેંચણી થયેલ હોઈ અને તે અંગે નું લખાણ થયેલ હોઈ અને તે વહેંચણી કરાર મુજબ દરેક પક્ષકાર ને પોતાનો હીસ્સો મળેલ હોય તો વહેંચણી કરારનો અમલ થયેલો કહેવાય અને તે મુજબ ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટની કલમ−૧૭ મુજબ સદરહુ વહેંચણી કરાર કાયદેસર રીતે રજીસ્ટર્ડ કરાવવાનો રહે છે.પરંતુ,આ કામે આંક−૩૧ થી રજુ વહેંચણી કરાર અનરજીસ્ટર છે તેમજ ઉપરોકત ચર્ચા મુજબ આંક−૩૧ ના વહેંચણી કરારમાં નોટરી પબ્લીક રૂબરૂ દરેક પક્ષકારોએ સહી કરેલી અને સાક્ષીઓની હાજરીમાં કરાર નોટરીરાઈઝ થયેલ કે કેમ? તે પ્રતિવાદીએ પુરવાર કરેલ નથી. તેમજ નોટરી પબ્લીકને તપાસવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદીએ સોંગદનામામા જણાવેલ છે કે વાદીઓએ દાવાવાળી મીલ્કતમાંથી હકક હીસ્સો જતો કરેલ છે તે બાબતે સમંતી કરાર કરી આપેલ છે.પરંતુ, પ્રતિવાદી તરફે આવો કોઈ અસલ સમંતી કરાર કે તેની સર્ટીફાઈડ નકલ આ કામે રજુ કરેલ નથી કે સદર અસલ સમંતી કરાર તેઓના કબજામાં નથી તેવો કોઈ બચાવ પણ લીધેલ નથી.જે હકીકત ધ્યાને લેતાં આંક−૩૧ નો દસ્તાવેજ વડીલોપાર્જીત મીલ્કતની વહેં ચણી અંગેનો માન્ય કરાર હોવાનું પ્રતિવાદી પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. વધુમાં આંક−૨૯ થી પ્રતિવાદીની જે ઉલટતપાસ થયેલ છે જેમાં પણ પ્રતિવાદીએ કબુલ રાખેલ છે કે,દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત છે જે મીલ્કતો વાદીના એકલાના નામે હોવા બાબતે કોઈ આધાર પુરાવો નથી તેમજ ઉલટતપાસની છેલ્લી લાઈનમાં પ્રતિવાદી કબુલ રાખેલ છે કે દાવાવાળી મીલ્કતોમાં દરેકનો સંયુકત અને સરખો હીસ્સો છે જે હકીકત તથા પ્રતિવાદીની કબુલાત ધ્યાને લઈ **મુદ્દા નં.૦૪** અને **૦૬** નો ''**નકાર**'' માં જવાબ આપવામાં આવે છે.

(૮.૪) **મુદા નં.૦પની ચર્ચા :**

આ કામે વાદીએ ગુજ.અધર્વ્યુ નરહરી મગનલાલનું પેઢીનામુ રજુ કરેલ નથી. પ્રતિવાદી તરફે લેખીત જવાબ રજુ કરી પક્ષકારોની ખામીનો બાધ નડે છે તેવો કોઈ બચાવ લીધેલ નથી કે આંક–૨૯ ના સરતપાસના સોંગદનામામાં પણ તે વિષે બચાવ લીધેલ ન હોય સદર **મુદ્દા નં.૦૫** નો આથી ''**નકાર**'' માં જવાબ આપવામાં આવે છે.

(૮.૫) **મુદ્દા નં.૦૭ થી ૧૦ ની સંયુકત ચર્ચા :**

વાદીએ તેઓની દાવા અરજી અને સરતપાસના સોંગદનામામાં જણાવેલ છે કે દરેક પક્ષકારોનો દાવાવાળી મીલકતમાં ૧/૭ હીસ્સો રહેલો છે જે હીસ્સો અલગ પાડી આપવા માટે નોટીસ પણ આપવામાં આવેલ છે તેમછતાં પ્રતિવાદીને હીસ્સો આપેલ નથી જેથી પોતાનો હીસ્સો મેળવવા હાલનો દાવો લાવી દાદ માંગેલ છે. વાદી તરફે તેઓની દાવા અરજીના પેરા–૦૩ માં દાવાવાળી મીલ્કતો પૈકી ખેતી લાયક જમીનોની વિગતો રજુ કરેલ છે. જે જમીનો ખેતી લાયક છે તેમ પ્રતિવાદી નં.૧ નાએ પણ સ્વીકાર કરેલ છે. જે હકીકતો સાથે સદર વડીલોપાર્જીત વણવહેંચાયેલ ખેતી લાયક જમીનોનું પક્ષકારો વચ્ચે વિભાજન કરવામાં આવે તો સદર ખેતીની જમીનોના દરેક પક્ષકારોના ભાગમાં ટુકડા કરવાના રહે અને તે મુજબ ખેતીની જમીનોના ટુકડા પડે તેમ છે. તે હકીકત સાથે ટુકડા ધારાની જોગવાઈ ધ્યાને લેતા ખેતી લાયક જમીનોનું વિભાજન થઈ શકે નહીં.જેથી દાવા અરજીના પેરા–૦૩ માં જણાવેલ તમામ મીલકતો પૈકી ખેતી લાયક જમીનોમાં વાદીઓનો સરખો હીસ્સો છે તેમ આથી ઠરાવવામાં આવે છે.પરંતુ,ખેતી લાયક જમીનોનું પક્ષકારો વચ્ચે સરખે હીસ્સે વિભાજન કરવુ ન્યાયોચિત ન હોય સદર ખેતી લાયક જમીનોની વહેંચણી અંગે હુકમ કરવામાં આવતો નથી. તે સિવાય દાવા અરજીના પેરા–૦૩ માં જણાવેલ સર્વે નંબરવાળી મીલ્કતો કે જેમાં રહેણાંક મકાનો આવેલ છે તથા ખુલ્લી ખેતી સિવાયની જમીનો છે તેમજ સોના ચાંદીના દાગીના,વાસણ,ફોરેન કરન્સી,બેંક લોકર તથા અન્ય મીલ્કતોમાં દરેક વાદીનો ૧/૭ હીસ્સો હોવાનું આથી ઠરાવવામાં આવે છે અને વાદીઓ તેઓના ભાગની મીલ્કતનો ખાલી, પ્રત્યક્ષ કબજો મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે તે મુજબ સદર મીલ્કતોનું પક્ષકારો વચ્ચે ખેતી લાયક જમીનો સિવાયની વડીલોપાર્જીત મીલ્કતોનું વિભાજન થવા સાંરુ આથી હુકમ કરવામાં આવે છે. વાદીએ તેઓની દાવા અરજીના પેરા–૦૭ માં દાવાવાળી મીલ્કત અંગે મનાઈહુકમ મેળવવાની પણ દાદ માંગેલ છે તે હકીકત સાથે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં

હાલમાં પ્રતિવાદી નં.૧ થી ૩ દાવાવાળી મીલ્કતના કબજા ભોગવટામાં હોય જ્યાં સુધી દાવાવાળી મીલ્કતોનું વિભાજન ન થાય ત્યાં સુધી પ્રતિવાદીઓ વિરુધ્ધ વાદીઓનો દાવો મંજુર કરી **મુદ્દા નં.૦૭** અને **૦૮** નો ''**હકાર**'' માં જવાબ આપી **મુદ્દા નં.૦૯** નો ''**અંશત: હકાર**''માં જવાબ આપવામાં આપવામાં આવે છે તે મુજબ **મુદ્દા નં.૧૦** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧. વાદીઓનો દાવો આથી **અંશત:મંજુર** કરવામા આવે છે.

૨. આથી ઠરાવવામાં આવે છે કે દાવાવાળી તમામ મિલ્કતોમાં વાદી નં.૧ થી ૩ અને પ્રતિવાદી નં.૧ થી ૪ એક દરેક પક્ષકારને ૧/૭ હીસ્સો આવેલ છે.

૩. આ કામના પ્રતિવાદીએ દાવાવાળી મીલ્કતોની જ્યાંસુધી વહેંચણી થાય નહીં ત્યાં સુધી દાવાવાળી મીલ્કતો અન્ય કોઈપણ ઈસ્મને કોઈપણ રીતે ટ્રાન્સફર કરવી,કરાવવી નહીં તેવો પ્ર તિવાદી વિરુધ્ધ મનાઈહુકમ ફરમાવવામાં આવે છે.

૪. દાવાવાળી તમામ મિલ્કતો પૈકી ખેતી લાયક જમીનો સિવાયની મીલ્કતોની વહેંચણી અંગેની કાર્યવાહી કરવા આથી મહે.મામલતદારશ્રી,ડાકોરને સદરહુ હુકમની એક યાદી મોકલવા આથી હુકમ કરવામાં આવે છે.

૫. અત્રેની અદાલતના સીનીયર કલાર્કે પ્રાથમિક હુકમનામુ દોરી તેની એક નકલ નામ.મામ.શ્રી ડાકોર તથા કલેકટરશ્રી નડીઆદને પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

૬. પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો .

૭. હુકમ મુજબ પ્રાથમિક હુકમનામું દોરવું.

ચુકાદો આજરોજ તારીખ:૦૫,માહે:મે,સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૫–૦૫–૨૦૨૨
મુકામ:નડીઆદ

**(રૂચીતા વિનોદભાઈ વૈશ્ય)**
સાતમા એડીશ્નલ સીનીયર સિવિલ જજ
ન ડી આ દ.
**(કોડ નં.જી.જે.૦૧૧૪૯)**

U.R.P.STENO